**જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)**
**કરાર આધારિત જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)**
**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**

---

## કરાર આધારિત જ્ઞાન સહાયક (પ્રાથમિક) લેવા અંગેની જાહેરાત અન્વયે સુચનાઓ

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૧૪૭-ક અન્વયે **અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં** કરાર આધારિત જ્ઞાન સહાયક લેવા અંગેની જાહેરાત વર્ષ-૨૦૨૪ અન્વયે મેરીટના ધોરણે પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે. આ લાયકાતો ફરજીયાતપણે માન્ય યુનીવર્સીટી/સંસ્થાઓ માંથી મેળવેલ હોવી જોઈએ. આ પ્રકારની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ **તા.૦૫/૧૨/૨૦૨૪ના રોજ થી તા.૧૨/૧૨/૨૦૨૪ ૨૩:૫૯** કલાક સુધી **http://gyansahayak.ssgujarat.org/** વેબસાઈટ પર મૂકવામાં આવેલ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

### અરજી કરતા પૂર્વે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

1) શૈક્ષણિક લાયકાત અને વ્યાવસાયિક લાયકાત:-

- ધોરણ ૧ થી ૫ ના કરાર આધારિત જ્ઞાન સહાયકની ખાલી જગ્યા માટે કોઈ પણ વિષયમાં TET-2 પરીક્ષા પાસ કરેલ ઉમેદવાર પણ અરજી કરી શકશે.
- ધોરણ ૬ થી ૮ ના કરાર આધારિત જ્ઞાન સહાયકની ખાલી જગ્યા માટે જે વિષયમાં TET-2 પાસ કરેલ હોઈ તે વિષયમાં જ અરજી કરી શકશે.
- જો કોઈ ઉમેદવાર ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ બંને જગ્યાઓ માટે પસંદગી આપવા ઈચ્છે તો તે ઉક્ત ઠરાવની જોગવાઈ ધ્યાને રાખી બંને વિભાગની ખાલી જગ્યાની પસંદગી આપી શકશે.
- **અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં** કરાર આધારિત જ્ઞાન સહાયક લેવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વિવિધ વિષયો/માધ્યમની TET-2 પ્રાથમિક પરીક્ષા લેવામાં આવેલ, જે ઉમેદવારે જે વિષય અને માધ્યમની પરીક્ષા પાસ કરેલ હોય તે જ વિષય અને માધ્યમ માટે ઉમેદવારી નોંધાવી શકશે. તેમજ તે જ વિષયમાં તેઓએ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત મેળવેલી હોવી જોઇશે. ધોરણ ૧ થી ૫ ના જ્ઞાન સહાયક તરીકે અરજી કરનાર માટે માધ્યમ તે જ પસંદ કરવાનું રહેશે. પરંતુ વિષય ધ્યાને લેવાનો રહેશે નહીં.
- શિક્ષણ વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૩-પ્રાશિનિ-૧૪૭-ક અનુસાર પસંદગી યાદી ઉમેદવારના શિક્ષક યોગ્યતા કસોટી પ્રાથમિક (TET-2)માં મેળવેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.
- જે જ્ઞાન સહાયક છેલ્લે કરેલ કામગીરી વાળી શાળામાં અગ્રિમતા મેળવવા ઇચ્છતા હોય તેઓએ આ સાથે સામેલ નિયત નમૂનાનું **"જ્ઞાન સહાયક કરાર અધારિત જગ્યા માટે કામગીરી અંગેનું પ્રમાણપત્ર"** જે તે શાળામાંથી મેળવી લેવાનું રહેશે અને અરજી કરતી વખતે ફરજિયાત પણે ઓનલાઇન અપલોડ કરવાનું રહેશે.
- જે જ્ઞાન સહાયક સંતોષકારક કામગીરી અંગેનું પ્રમાણપત્ર મેળવી શકશે નહીં તેઓ છેલ્લે કરેલ કામગીરી વાળી શાળામાં અગ્રિમતાનો લાભ મેળવી શકશે નહી.
- જિલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટરની યાદી વેબસાઈટ પર મુકેલ છે.

2) **ઉચ્ચક માનદ વેતન (માસિક):-**

- **અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં** જ્ઞાન સહાયક (કરાર આધારિત) માસિક ફીક્સ રૂ.૨૧,૦૦૦/- ઉચ્ચક માનદ વેતન મળવાપાત્ર થશે.

3) **વયમર્યાદા:-**

- ઉમેદવારની મહત્તમ વયમર્યાદા પ્રાથમિક વિભાગ માટે (જાહેરાતની છેલ્લી તારીખે) ૪૦ વર્ષ રહેશે.

4) **ભરવાપાત્ર જગ્યાઓ:-**

- જે તે જિલ્લામાં **અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં** જિલ્લાવાર, શાળાવાર અને વિષયવાર ભરવાપાત્ર જગ્યાઓની વિગતો વેબસાઈટ પર દર્શાવવામાં આવશે.
- સદર જાહેરાતમાં દર્શાવેલ પૈકી કોઈપણ જગ્યાઓ ફેરફારને આધીન છે. કોઈપણ ખાલી જગ્યા રદ કરવા અંગેનો સરકારશ્રીનો નિર્ણય આખરી રહેશે.

5) **કરારનો સમયગાળો**

- જ્ઞાન સહાયકોની કામગીરીનો કરાર વર્ષ ૨૦૨૪-૨૫ પુરતું શાળા મંડળ દ્વારા **કરાર કર્યાની તારીખથી ૧૧ માસ સુધીનો** રહેશે. કરારનો સમય પૂર્ણ થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.

6) **અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સુચનાઓ:-**

1. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.
2. લાયકાત ધરાવતા ઉમેદવારો અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયક (કરાર આધારિત) ભરતી માટે **તા.૦૫/૧૨/૨૦૨૪ના રોજ થી તા.૧૨/૧૨/૨૦૨૪ ૨૩:૫૯** કલાક સુધી http://gyansahayak.ssgujarat.org/ વેબસાઈટ ઉપર ઓનલાઇન અરજી કરી શકશે.
3. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભુલ કરશે તો, તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી. જેથી સંપર્ણ ઓનલાઇન અરજી કાળજીપૂર્વક કરવાની રહેશે.
4. માત્ર અને માત્ર ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી અને રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.
5. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે. આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહી. જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.
6. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની ફાઇનલ પ્રિન્ટ આ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.
7. આ જાહેરાતનો હેતુ હાલ માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાનો છે. જેથી આ ફોર્મ ભર્યેથી કરાર આધારિત નિમણૂંક મળી જ જશે તેવુ માનવું નહી.
8. નિયત સમયમર્યાદામાં ગુણપત્રકો/પ્રમાણપત્રોની ચકાસણી અર્થે હાજર ન રહેનાર ઉમેદવારનું નામ પસંદગી યાદીમાંથી રદ કરવામાં આવશે. આ અંગે ઉમેદવાર કોઇપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહીં અને આ અંગે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહીં.

9. **અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં** જ્ઞાન સહાયક (કરાર આધારિત) નિમણૂંક સંબંધે તમામ સુચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઇપણ સુચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો પ્રક્રિયાના કોઇપણ તબક્કે સામેલ ન થઈ શકે તો, આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

10. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો કરાર માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કરાર કરતી વખતે જે તે તબક્કે માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂંક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

11. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સંલગ્ન ગુજરાતમાં ચાલતી કોલેજમાંથી મેળવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારોએ તેઓની કોલેજે ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવેલ હોવા અંગેનો આધાર ફરજિયાત રજૂ કરવાનો રહેશે.

12. કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજુ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.

13. જે ઉમેદવાર ઓનલાઈન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. **અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં** કરાર આધારિત જ્ઞાન સહાયક અંગેની અરજી બાબતે ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં કરાર આધારિત સેવાના કોઈ પણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઈપણ પ્રકારની અરજી/રજુઆત સ્વીકારવામાં આવશે નહીં.

14. સાચી માહિતી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે અને કોઈપણ સંજોગોના કારણે કોઈપણ સંજોગોમાં આપેલ માહિતી ખોટી, અધૂરી કે ભૂલભરેલી હશે તેના કારણે ઉમેદવારની પસંદગી ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. જો માહિતી ખોટી, અધૂરી, ભુલભરેલી હશે તો અરજી રદ થયેલી ગણાશે.

15. અરજદારે પોતાનું ઈ-મેઈલ આઈ.ડી. અને મોબાઈલ નંબર ફરજીયાત આપવાના રહેશે અને કરાર આધારિત પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને વેબસાઈટ ઉપર કરવામાં આવશે. અન્ય કોઈ રીતે જાણ કરવામાં આવશે નહી.

16. અરજદારે જે ફોર્મ ભરેલ છે તેની પ્રિન્ટ લઈ, તેના દરેક પાના પર સહી કરવાની રહેશે અને જ્યારે જરૂર પડે ત્યારે રજુ કરવાની રહેશે.

17. જે ઉમેદવાર રાજય બહારની યુનિર્વસીટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને કરાર કરતાં પહેલા અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ કરાર માટે પાત્ર ઠરશે. જો, લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

18. આ સમગ્ર પ્રક્રિયા બાબતે સમગ્ર શિક્ષા કચેરી, ગાંધીનગરનો નિર્ણય આખરી ગણાશે.

**<u>જ્ઞાન સહાયક કરાર અધારિત જગ્યા માટે કામગીરી અંગેનું પ્રમાણપત્ર</u>**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . અત્રેની . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . અનુદાનિત પ્રાથમિક શાળા, ગામ/શહેર. . . . . . . . . . . . . . . . . . . તા. . . . . . . . . . . . . . . . . . જિ. . . . . . . . . . . . . . . માં વિભાગ (પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક) અને વિષય. . . . . . . . . . . . . . . . . માં તા. . . . . . . . . . . થી તા. . . . . . . . . . .સુધી જ્ઞાન સહાયકની કરાર આધારિત જગ્યા પર સંતોષકાર રીતે કામગીરી કરેલ છે.

તારીખ: / /૨૦૨૪

પ્રમુખ/મંત્રી (સહી)

સિક્કો:

શાળા સંચાલક મંડળનું નામ:

પુરૂ સરનામું: